જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૨૪	૦	૧૧૨૨૪	૧૭૩૫૫	૦	૧૭૩૫૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૭	૧	૬૮	૨૬૬	૯	૨૭૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૧૭	૧૬	૨૮૮33	3૦૦૯૯	૨૪	3૦૧૨3
કુલ		૪૪૮૧૦	૧૭	૪૪૮૨૭	૫3૯૪૫	33	૫3૯૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૬	૧૧,૭૧,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૬૫	૬,૬૫,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારુની “૧૧ બોટલ કિંમત રૂ. કિ.રુ.૭૭૦૦/- ના મુદામાલ સાથે પ્રોહીબીશનના લીસ્ટેડ બુટલેગરને પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની આગામી સ્થાનીક સ્વરાજની ચુંટણી અનુસંધાને વિસ્તારમાં પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી “પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ એ.એસ.આઈ એ.એસ.આઇ.જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે નરોડા પોલીસ સ્ટેશનના પ્રોહી.લીસ્ટેડ બુટલેગર નામે રામભાઇ પરમાભાઇ પટેલ ઉ.વ.૭૭ રહે, મકાન નં-એ/૮ શ્રી પ્રકાશ સોસાયટી મોહનનગર સોસાયટી પાસે નરોડા અમદાવાદ શહેર + ૧=૨ નાને ભારતીય બનાવટના વિદેશી દારુની કુલ ૧૧ બોટલ કિંમત રૂ. કિ.રુ.૭૭૦૦/- મુદામાલ સાથે તા.૦૪/૦૨/૨૦૨૧ ના કલાક ૧૮/૦૦ વાગે પકડી ધી પ્રોહી કલમ - ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી),૮૧ મુજબનો ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૪/૦૨/૨૦૨૧.

આરોપીનુ નામ –

(૧)રામભાઇ પરમાભાઇ પટેલ ઉ.વ.૭૭ રહે, મકાન નં-એ/૮ શ્રી પ્રકાશ સોસાયટી મોહનનગર સોસાયટી પાસે નરોડા અમદાવાદ શહેર (૨) રમેશભાઇ નાથાભાઇ જાતે.પટેલ ઉ.વ.૫૬ ધંધો.ડ્રાઇવિંગ રહે- મ.નં.૧૨ પુષ્પમ એપાર્ટમેન્ટ નારાયણી સ્કુલપાસે નરોડા અમદાવાદ શહેર

મુદ્દામાલ – ભારતીય બનાવટનો વિદેશી દારુ ની કાચની બોટલ નંગ-૧૧ કિંમત રૂ. ૭,૭૦૦/-

કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં-૧૧૮૦૯ તથા પો.કો.પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ એલ.આર.અભીષેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.



મોબાઇલ સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ગણતરીના કલાકમા સ્નેચીંગ કરેલ મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડી મોબાઇલ સ્નેચીંગનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા ઇસનપુર બસ સ્ટેશન પાસે આવતા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ તથા અ.પો.કો પ્રભાતસિહ દેવુભા તથા લોકરક્ષક સચીન નારણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આજરોજ તા ૦૪/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨/૪૫ વાગે આરોપી મોહંમદઆકીલ મોહંમદઆશીફ અન્સારી ઉ.વ ૨૮ હાલ રહે, વટવા ગામ જીયા મસ્જીદની પાસે વટવા અમદાવાદ શહેર મુળ રહે,મ.નં ૧૭ ગેટ નં-૨ અમનનગર ઝુલતા મિનારા પાસે આબીદ કિરાણા સ્ટોરની બાજુમા ગોમતીપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી સેમસંગ ગેલેક્સી કંપનીનો M31 મોડલનો છે જેનો IMEI નં.355604111866034 તથા 355605111866031 નો છે જેમાં સીમકાર્ડ નથી જેની કિંમત રૂપિયા ૧૬,૦૦૦/-નો તથા ગુનામા વાપરેલ એકટીવા નંબર જી.જે-૨૭ બી.બી-૨૦૩૩ જેનો એન્જીન નંબર ૨૩૫૧૮૧૮ તથા ચેચીસ નંબર ૩૫૦૭૭૯ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૦૩૦૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩ મુજબનો ગુનો ગણતરીના કલાકમા શોધી કાઢેલ છે તા.૦૪/૦૧/૨૦૨૧



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર ડીસીબી ક્રાઇમ બ્રાંચ પો.સ્ટે. નારકોટ્રીક્સ ડ્રગ્સના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગે ડ્રાઇવ અનુસંધાને મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.કે.પટેલ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા પો.સ.ઇ.બી.એસ.રબારી નાઓ સર્વેલન્સ સ્કોર્ડ સ્ટાફના માણસો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.મોહમદશાહીલ શબ્બીરમીંયા તથા પો.કો. રાજેન્દ્રસિંહ ભાવસિંહ તથા પો.કો.સરદારસિંહ મહિપતસિંહ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે "અમદાવાદ શહેર ડી.સી.બી.પો.સ્ટે.પ્રોહિ ગુ.ર.નં.-૫૦૨૭/૨૦૧૭ નારકોટ્રીક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ કલમ ૮(સી),૨૨,૨૯ વિગેરે મુજબના ગુનાના કામનો સને-૨૦૧૭ થી નાસતો ફરતો વોન્ટેડ આરોપી નામે જાવેદશાહ સ/ઓ અહેમદશાહ સૈયદ ઉ.વ.૪૨ ધંધો:- વેપાર રહે-મ.નં-૧૫૫૧ મદરઓટા ની ચાલી ત્રણ દરવાજા પાસે મસ્છી માર્કેટ કારંજ અમદાવાદ નાને આજરોજ તારીખ તા-૦૪/૦૨/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ ડીટેઇન કરી ઉપરોક્ત ગુન્હાના કામે આરોપીને આગળની કાર્યવાહી સારૂ ડી.સી.બી ક્રાઇમ બ્રાન્ચ પો.સ્ટે. ખાતે સોંપવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે.તા-૦૪/૦૨/૨૦૨૧



નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ અને માથાભારે એક આરોપીને પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના આધારે હાલમાં ચાલતી નાસતા ફરતા તેમજ વોન્ટેડ આરોપીઓ પકડવા સારૂ ચાલતી ડ્રાઇવ અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી "પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન નરોડા બેઠક પાસે આવતાં સાથેના પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે નરોડા પો.સ્ટે ગુ.ર.નં-સી-પાર્ટ-૧૧૧૯૧૦૩૫૨૦૧૭૦૧/૨૦૨૦ પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૯૮(૨) મુજબના ગુનાના કામના વોન્ટેડ આરોપી નામે સત્યપ્રકાશ ઉર્ફે બાબુ સ/ઓફ મેવાલાલ સોની ઉ.વ.૩૨ રહે, મકાન નં- ૪૯ કુભાજીની ચાલી હનુમાનનગર રામેશ્વરબ્રીજ નીચે મેઘાણીનગર અમદાવાદ શહેરનાને કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૪/૦૨/૨૦૨૧.

આરોપીનુ નામ –

સત્યપ્રકાશ ઉર્ફે બાબુ સ/ઓફ મેવાલાલ સોની ઉ.વ.૩૨ રહે, મકાન નં- ૪૯ કુભાજીની ચાલી હનુમાનનગર રામેશ્વરબ્રીજ નીચે મેઘાણીનગર અમદાવાદ શહેર

આરોપીનો ગુનાહીત ઇતીહાસ –

(૧) મેઘાણીનગર પો.સ્ટે પો.હી.ગુ.ર.નં-૩૫૮/૨૦૧૬ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૮૧ મુજબ

(૨)નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં-૧૮૪/૨૦૧૬ ઇ.પી.કો.કલમ ૧૪૩,૧૪૬,૧૪૭,૧૪૯, ૩૩૨,૩૪૧ ,૩૬૫ ,૫૦૬(૧) મુજબ

(૩) ગોમતીપુર પો.સ્ટે પ્રોહીગુ.ર.નં-૦૦૭૧/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(૧)(બી),૮૧ મુજબ

(૪) મેઘાણીનગર પો.સ્ટે સે.ગુ.ર.નં-૧૩૨/૨૦૧૭ ધી જુગાર ધારા કલમ ૧૨ અ મુજબ.

(૫) મેઘાણીનગર પો.સ્ટે સે.ગુ.ર.નં-૧૩૨/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ.

(૬) ડી.સી.બી.પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં-૦૦૫૧/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૯૮(૨) મુજબ.

(૭) ગોમતીપુર પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં-૩૫૯/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ, ૧૧૬(બી) ,૮૧,૯૮(૨) મુજબ.

(૮) ગોમતીપુર પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં-૫૮૨/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી), મુજબ.
(૯) ડી.સી.બી.પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં-૦૦૬૬/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૯૮(૨) મુજબ.
(૧૦) મેઘાણીનગર પો.સ્ટે પ્રો.હી.ગુ.ર.નં-૪૮૪/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૮૧ મુજબ
(૧૧) નીકોલ પો.સ્ટે પાર્ટ .ગુ.ર.નં-૧૨૧૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૩૨,૩૫૩,૧૧૪ મુજબ
(૧૨) કૃષ્ણનગર પો.સ્ટે પાર્ટ સી.ગુ.ર.નં-૦૦૧૭/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એઇ,૧૧૬(બી),૮૧ મુજબ

કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ એલ.આર.અભીષેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.



પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી જુનાગઢ જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી સીરાજુદીન સન/ઓફ ઝહીરરૂદીન જૈનુદીન જાતે કાજી ઉ.વ.૪૦ રહે, મ.નં-૩૦૦/બી રામરહીમનગરનો ટેકરો બહેરામપુરા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૦૮/૨૦૨૧ તા.૦૪/૦૨/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૦૪/૦૨/૨૦૨૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

પો.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૪૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૪૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૪૨/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ શીવાનીબહેન ડો/ઓ વીરેનભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે. સુકૃતી એપાર્ટમેન્ટ તુલીપ બંગલો પાસે સુરધારા સર્કલ પાસે થલતેજ) એ તા.૦૪/૦૨/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૨૦ થી તા.૦૫/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૬૫૪૫૦૪૧૬૫, ૯૬૫૪૪૬૯૦૭૪ ના ધારકે શીવાનીબહેનને ફોન કરી નોકરી અપાવવાની લાલચ આપી શીવાનીબહેનને ઇમેલ આઇ.ડી. quickhireindia.Qhireindia 1999@gmail.com પર ઓનલાઇન રીઝ્યુમ અપલોડ કરાવી ઓનલાઇન પરીક્ષા આપવાનુ જણાવી તેમજ HDFC બેન્કમાં નોકરી મળેલ છે તેમ ઇમેલથી અને ફોન થી જણાવી HDFC બેન્કની એન.ઓ.સી. તથા સેલેરી ખાતુ ખોલાવવાનુ કહી તેમજ ડીપોઝીટ ભરવાનુ કહી ટુકડે-ટુકડે શીવાનીબહેન પાસેથી ઇન્ડસલન્ડ બેન્કમાં રાજકુમાર નામના ખાતા ધારકના ખાતામાં ઓનલાઇન રૂપિયા ૧,૬૪,૫૦૦/- ભરાવડાવી નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૪૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ સોમાભાઈ લીલાભાઈ રાવલ (રહે.ગાયત્રીનગર રબારી વસાહત પાવાપુરી ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ તા.૦૪/૦૨/૨૦૨૧ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૧૯ રાતના ૯/૩૦ થી તા.૧૪/૧૧/૨૦૧૯ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમા પોતાના ઘરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૭૮,૦૦૦/- અને રોકડા રૂપિયા ૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૬૩,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

શાહીબાગઃ મહેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પઢીયાર (રહે. મારૂતિનંદન ફ્લેટ લાખાજી કુંવરજી હોલ સામે માધુપુરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૦૪/૦૨/૨૦૨૧ સવારના ૮/૧૫ વાગ્યા દરમ્યાન શાહીબાગ મોનાલિસા ટાવરમાં આવેલ પોતાની સ્પાયડર મેન્સ વેર નામની પોતાની દુકાનનુ શટર ઉંચુ કરી અંદરનો કાચ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના સી.સી.ટી.વી.કેમેરા તોડી દુકાનમાંથી જીન્સ પેન્ટ નંગ-૧૨૦, કોટન પેન્ટ નંગ-૧૧૦, શર્ટ નંગ-૨૦૦, ટી-શર્ટ નંગ-૨૦૦ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૪૪/૨૦૨૧

ચાંદખેડાઃ અંકિતાબહેન ડો/ઓ અશોકભાઇ મકવાણા (ઉ.વ.૩૪) (રહે.સહજાનંદ ડુપ્લેક્ષ શિવશક્તિ સ્કુલ સામે સ્નેહપ્લાઝા પાસે ચાંદખેડા) તા.૦૧/૦૨/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા માડી બંગ્લોઝ સ્નેહપ્લાઝા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગના એકટીવા ઉપર આવેલ બે પુરુષ અંકિતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અંકિતાબહેન મકવાણાએ તા.૦૪/૦૨/૨૦૨૧ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

ચાર/પાંચમાં માળથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૪૫/૨૦૨૧

એરપોર્ટઃ સચીન ભાણાભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે.બહેરામપુરા વસંત રજબનગર) તા.૦૪/૦૨/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સરદારનગર રણમુકતેશ્વર શુકન વોરનેટ નીયર ઓમકાર ધામ ખાતે ચોથા માળે લોખંડની એંગલથી બનાવેલ કઠેરો ઉપર રહી કબુતરની જાળી ફીટ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભરતસિહ ફતેસિહ ચલાવે છે.

વેજલપુરઃ ફતેવાડી કાજી મસ્જીદ પાસે અલહરમ ફ્લેટ પાચમાં માળ ખાતે રહેતા મોહમદઇમ્તીયાઝ ઇમામીભાઇ અંસારી નો આઠ વર્ષનો પુત્ર રિહાન તા.૦૩/૦૨/૨૦૨૧ સાજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાંચમાં માળે ગેલેરીમાં દોરીનુ લંગરીયુ બનાવી નિચે ફેકી રમતો હતો ત્યારે ગેલેરીમાંથી રમતા-રમતા નિચે પડી જતા માથામાં ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૧૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશકુમાર ભુરાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૪૬/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ સોલા હાઇકોર્ટ જે.ડી.પાર્ટી પ્લોટની બાજુમા નવા બનતા E.W.S પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનની બાજુમા લેબર કોલોનીના છાપરામાં રહેતા અને ત્યા જ કામ કરતા સંતુબહેન વા/ઓ કીરણભાઇ ભાભોર (ઉ.વ.૩૨) (મુળ વતન. નિસ્વાસ ફળીયા ગામ-અગવાડા તા.જી.દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૧ સાજના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક નજીક લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

સરદારનગરઃ (૧) પીંકીબહેન વા/ઓ મનોહરભાઇ ઉર્ફે મનીષ નાનવાણી (ઉ.વ.૩૯) (રહે. રામકૃષ્ણ ફલેટ "જી" વોર્ડ કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિવ્યાબા મનુભાઇ ચલાવે છે.

સરદારનગરઃ (૨) પાર્થકુમાર ઉર્ફે સની સ/ઓ ચંદ્રકાન્તભાઇ ઉર્ફે ચંદુજી ઠાકોર (ઉ.વ.૨૦) (રહે. બ્લોક નંબર-૧૯ વાલ્મીકી આવાસ યોજના નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી